# MAHESH G. PATEL

B.COM., L.L.B.

ADVOCATE

B-403, President Plaza, Near R.T.O. Ring Road, Surat. Phone : [0]2474857


તા. ૩૦/૦૪/૨૦૧૬

## ટાઈટલ રીપોર્ટ

આથી અમો એડવોકેટ **શ્રી મહેશ જી. પટેલ,** જણાવીએ છીએ કે, **"આર્યા ડેવલોપર્સ"** એક ભાગીદારી પેઢી, ઠેકાણું : ટી.પી. ૬૬, બ્લોક નં.૬૭૮, કોસાડ, તા. સીટી. જી. સુરત ના જેઓની માલિકીની નીચે વિસ્તૃત રીત જણાવેલ જમીનમાં અમારી સમક્ષ રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાનમાં લઈને નીચે મુજબનો ટાઈટલ રીપોર્ટ આપીએ છીએ...

### મિલકતની વિગત

સુરત ડીસ્ટ્રીકટ સબ–ડીસ્ટ્રીકટ તાલુકા અડાજણ(સીટી) શહેર સુરતના મોંજે ગામ કોસાડના સર્વે નં. ૪૨૯/૧, ૪૨૯/૨ કે જેનો બ્લોક નં. ૬૭૮ વાળી ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ : હે. ૧.૦૫.૨૨ આરે/ચો.મી. છે અને જેનો આકાર રૂા. ૧૪.૬૮ પૈસા છે કે જેને ટી.પી. સ્કીમ નં. ૬૬ (કોસાડ–વરીયાવ) લાગુ પડતા ફાયનલ પ્લોટ નં. ૧૩૯ ફાળવવામાં આવેલ છે કે જેનું કુલ ક્ષેત્રફળ : ૭૦૦૦–૦૦ ચો.મી. થયેલ છે તે જમીન ઉપર આવેલ **"શિક્ષા પત્રી હાઈટસ"** નામથી રહેણાંક હેતુ માટે ઈમારતોનું આયોજન કરવામાં આવેલ છે તે મજકુર મિલકત તે માહેના તથા બહારના તમામ હકકો સહિતની કુલ્લે દરોબસ્ત.

### મિલકત ટાઈટલ

સુરત ડીસ્ટ્રીકટ અડાજણ સબ ડીસ્ટ્રીકટના મોજે કોસાડના સર્વે નં. ૪૨૯/૧, ૪૨૯/૨, બ્લોક નં. ૬૭૮ વાળી જમીન મુળ નવી મસ્જિદના નામે ચાલી આવેલ. ત્યારબાદ સદરહુ જમીનમાં સ.ગ. તરીકે નાથાભાઈ વનમાળીનું નામ દાખલ કરવામાં આવેલ, જે હકિકત અંગેની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૩૩૮ થી કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ કોસાડ ગામમાં નામદાર સરકારશ્રીના ઠરાવ નં. ૫૮૬૯ તા.૧૭–૦૫–૧૯૫૦ થી તા.૧૮–૦૫–૧૯૫૦ ના રોજથી કરવામાં આવેલ ઠરાવ અનુસાર જમીનનું ક્ષેત્રફળ સ્ટાન્ડર્ડ એરીયા કરતા ઓછુ હોય સદરહુ જમીનને ટુકડો ગણવામાં આવેલ. જે હકિકત અંગેની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૪૪૮ થી તા. ૦૫–૧૦–૧૯૫૦ ના રોજથી કરવામાં આવેલ.

સદરહુ જમીનમાં નવી મસ્જિદના નવા વહીવટ કર્તા તરીકે મીયાહાજી ઈસ્માઈલ ઈસુફ મોતાલા, મોહમદ કાસમજી નારોત, ઈસુફ મહમદ સુરતી, ઈસ્માઈલ મોહમદ ચૌહાણ, ઈસુફ ઈબ્રાહીમ અમીરત તથા અહમદ ઈસુફ દાવજીના નામો દાખલ કરવામાં આવેલ. જે હકિકત અંગેની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૮૧૫ થી તા. ૧૯–૦૨–૧૯૫૮ ના રોજથી કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ જમીનમાં નવી મસ્જિદના નવા વહીવટ કર્તા તરીકે કાસમ યુસુફ માસુર, યુસુફ સુલેમાન નારોત, યાકુબ સુલેમના તથા ઈસુફ ઈસ્માઈલ તાઈના નામો ગામ દફતરે દાખલ કરવામાં આવેલ.જે હકિકત અંગેની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૨૬૬૨ થી પાડવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ જમીનના સં.ગ. નાથુભાઈ વનમાળીભાઈ ગુજરી જતા તેમના સીધીલીટીના વારસદારો તરીકે તાપીબેન તે નાથુભાઈ વનમાળી વિધવા, રમણભાઈ નાથુભાઈ, ધેલાભાઈ નાથુભાઈ, ઠાકોરભાઈ નાથુભાઈ, કાંતીલાલ નાથુભાઈ તથા નરેન્દ્ર દિનકર તથા કિતુના સગીરના વાલી તરીકે જેકોરબેન તે મગનભાઈ નાથુભાઈની વિધવાના નામો ગામ દફતરે દાખલ કરવામાં આવેલ. જે હકિકત અંગેની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૨૬૬૪ થી તા. ૦૧–૦૧–૧૯૭૧ ના રોજથી કરવામાં આવેલ.

સદરહુ ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં પાડવામાં આવેલ એન્ટ્રી નં. ૨૭૦૮ ૩૨(ગ)ના આદેશની નોંધ છે. જેની વિગત અવાચ્ય છે. ત્યારબાદ સદરહુ ગામે એકત્રીકરણની યોજના લાગુ પડતા સદરહુ જમીનને બ્લોક નં. ૬૭૮ ફાળવવામાં આવેલ, જે હકિકત અંગેની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૪૫૭૩ થી તા. ૧૦–૧૦–૧૯૮૩ ના રોજથી કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ જમીન ૩૨(ગ) મુજબ રમણભાઈ નાથુભાઈ વિગેરેએ ખરીદ કરેલ હોય, ખરીદ કિંમતના હપ્તા ભરપાઈ થઈ ગયા બાબતનું ૩૨–એમ સટીફીકેટ નં. ટેનન્સી/ ૩૨–ગ.કે.નં. ૭/૧૦ તથા કે.નં. ૧૬/૭૫–૭૯ તા. ૧૦–૦૩–૧૯૮૭ થી આપેલ સટીફીકેટ મુજબ બોજો કમી કર્યાની નોંધ કરી. જે હકિકત અંગેની નોંધ ગામ દફતરે નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૪૭૯૦ થી તા. ૦૪–૦૨–૧૯૮૮ ના રોજથી કરવામાં આવેલ.

સદરહુ જમીનના માલીકો પૈકી રમણભાઈ નાથુભાઈ ઉર્ફે નરોત્તમભાઈ ગુજરી જતા તેમના સીધીલીટીના વારસદારો તરીકે તારામતીબેન રમણભાઈ નાથુની વિધવા, નુતન પ્રસાદ રમણભાઈ, અન્નપુર્ણાબેન તે રમણભાઈ નાથુભાઈની છોકરી, ભારતીબેન તે રમણભાઈ નાથુભાઈની છોકરી, ઉર્વશીબેન તે રમણભાઈ નાથુભાઈની છોકરી તથા જયશ્રીબેન તે રમણભાઈ નાથુભાઈની છોકરીના નામો ગામ દફતરે દાખલ કરવામાં આવેલ. જે હકિકત અંગેની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૭૦૧૪ થી તા. ૨૨–૦૫–૧૯૯૨ ના રોજથી કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ જમીનના માલીકો તાપીબેન નાથુભાઈ રમણભાઈ નરોત્તમભાઈ ઉર્ફે નાથુભાઈ, ઠાકોરભાઈ નરોત્તમભાઈ, કાંતીલાલ નરોત્તમભાઈ, તારાબેન મગનભાઈ, જગદીશભાઈ મગનભાઈ ગુજરી જતા તેઓની સીધીલીટીના તમામ વારસદારોએ તા. ૩૦–૦૭–૧૯૯૬ ના રોજ વહેંચણી કરાર કરી વહેંચણ કરતા સદરહુ જમીન સુશીલાબેન ઠાકોરભાઈ નરોત્તમભાઈની વિધવા, જાગૃતિબેન ઠાકોરભાઈ, રાકેશભાઈ ઠાકોરભાઈ, જનકભાઈ ઠાકોરભાઈ, રમીલાબેન કાંતીલાલ નરોત્તમભાઈની વિધવા, અલ્પેશ કાંતીલાલ, ગીતાબેન કાંતીલાલ, સુમનબેન કાંતીલાલ તથા ધર્મેન્દ્ર કાંતીલાલના સંયુકત હિસ્સે આવેલ. જે હકિકત અંગેની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૮૪૪૮ થી તા. ૨૭–૧૦–૧૯૯૬ ના રોજથી કરવામાં આવેલ.

સદરહુ કોસાડ ગામનો સુરત મહાનગરપાલીકાની હદમાં સમાવેશ થતા તે હકકીતની ગામ દફતરે નોંધ કરવામાં આવેલ, જે હકીકત અંગેની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૯૯૪૫ થી તા. ૨૨–૧૨–૨૦૦૬ ના રોજથી કરવામાં આવેલ. સદરહુ કોસાડ ગામે ચોર્યાસી તાલુકો લાગુ પડતો હતો ત્યારબાદ સીટી તાલુકો જાહેર થતા તેની ગામ દફતરે નોંધ કરવામાં આવેલ, જે હકીકત અંગેની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૯૯૪૬ થી તા. ૨૨–૧૨–૨૦૦૬ ના રોજથી કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ જમીનના માલિકો પૈકી સુશીલાબેન ઠાકોરભાઈ નરોત્તમભાઈની વિધવા ગુજરી જતા તેમના સીધીલીટીના વારસદારો જાગૃતિબેન ઠાકોરભાઈ, રાકેશકુમાર ઠાકોરભાઈ તથા જનકકુમાર ઠાકોરભાઈના નામો કબજેદાર તરીકે ચાલુ હોય મર્હુમ સુશીલાબેન તે ઠાકોરભાઈ નરોત્તમભાઈની વિધવાનું નામ કમી કરવામાં આવેલ. જે હકીકત અંગેની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૧૨૪૬ થી તા. ૧૫–૦૪–૨૦૧૩ ના રોજથી કરવામાં આવેલ.

## હેતુફેર પરવાનગી

સદરહુ જમીન અંગે મે. કલેકટર સુરતના હુકમ નં. ગણત–૪/રી. રજી.નં.૭૧/૧૪/વશી.૬૯૬/૧૫ તા.૨૧–૦૪–૨૦૧૫ થી નવી શરતની જમીનને બિનખેતીના હેતુ માટે જુની શરતમાં હેતુફેર કરી આપવાનો હુકમ કરેલ, જે હકિકત અંગેની નોંધ ગામ દફતરે નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૧૭૭૧ થી તા. ૧૬–૦૫–૨૦૧૫ ના રોજથી કરવામાં આવેલ.

## કલમ–૬૩ પરવાનગી

સદરહુ જમીન અમારી સંપૂર્ણ માલીકી કબજા વહીવટ ભોગવટા હેઠળની ચાલી આવેલી છે. સદરહુ જમીન અંગે મે. સીટી પ્રાંત સુરતના હુકમ નં.એમએસસી/ ગ.ધા.ક.૬૩/વશી.૧૭૩૪/૨૦૧૫/ રજી.નં.૩૬/૨૦૧૫ તા. ૨૧–૦૭–૨૦૧૫ વાળા હુકમથી કલમ – ૬૩ મુજબ વેચાણ કરવાની પરવાનગી મળેલ છે, જે હકિકત અંગેની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૧૮૨૭ થી તા.૨૨–૦૭–૨૦૧૫ ના ના રોજથી કરવામાં આવેલ.

## વેચાણ દસ્તાવેજ નં. ૮૬૧ ની વિગત

ત્યારબાદ સર્વે નં. ૪૨૯/૧, ૪૨૯/૨ કે જેનો બ્લોક નં. ૬૭૮ વાળી ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ : હે. ૧.૦૫.૨૨ આરે/ચો.મી. છે અને જેનો આકાર રૂા. ૧૪.૬૮ પૈસા છે કે જેને ટી.પી. સ્કીમ નં. ૬૬ (કોસાડ–વરીયાવ) લાગુ પડતા ફાયનલ પ્લોટ નં. ૧૩૯

ફાળવવામાં આવેલ છે કે જેનું કુલ ક્ષેત્રફળ : ૭૦૦૦–૦૦ ચો.મી. થયેલ છે તે જમીન જાગૃતિબેન ઠાકોરભાઈ, રાકેશભાઈ ઠાકોરભાઈ, જનકભાઈ ઠાકોરભાઈ, રમીલાબેન કાંતીલાલ નરોત્તમભાઈની વિધવા, અલ્પેશ કાંતીલાલ, ગીતાબેન કાંતીલાલ, સુમનબેન કાંતીલાલ તથા ધર્મેન્દ્ર કાંતીલાલ નાઓએ **"આર્યા ડેવલોપર્સ"** એક ભાગીદારી પેઢી ને વેચાણથી આપેલ. જે વેચાણ અંગેનો દસ્તાવેજ મે. સુરતના સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૮૬૧ થી તા.૩૧/૦૭/૨૦૧૫ ના રોજ નોંધવામાં આવેલ. જે હકીકત અંગેની નોંધ ગામ દફતરે ગામ નમુના નં.૬ માં એન્ટ્રી નં.૧૧૮૩૮ થી તા.૦૭/૦૮/૨૦૧૫ ના રોજ થી કરવામાં આવેલ. જે નોંધ તા.૨૧/૦૯/૨૦૧૫ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

## બીનખેતી પરવાનગી

સદરહુ જમીન મે. કલેકટરશ્રી, સુરતનાએ તેઓના હુકમ ક્રમાંક : એ/જમન/તત્કાલ/ SR.NO.02/ID.No.24372/વશી/૨૫૬૭ થી ૨૫૭૬ તા.૦૨૦/૪/૨૦૧૬ વાળા હુકમથી બીનખેતીની જમીન તરીકે જાહેર કરેલ છે, જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૨૦૫૨ થી તા. ૨૮/૦૪/૨૦૧૬ ના રોજથી રોજથી પાડવામાં આવેલ.

આમ, સદર ફાયનલ પ્લોટ નં. ૧૩૯ વાળી જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ ૭૦૦૦–૦૦ ચો.મી. છે. તે જમીન **"આર્યા ડેવલોપર્સ"** **એક ભાગીદારી પેઢી** ના કબજા ભોગવટા હેઠળની ચાલી આવેલ છે.

## રજાચિઠ્ઠી

સદરહુ જમીનમાં બાંધકામ અંગેના પ્લાન સુરત મહાનગરપાલિકા તરફથી મંજુર કરવામાં આવેલ છે અને રજાચિઠ્ઠી નં. ટી.ડી.ઓ/ડી.પી/ નં.૦૧૧ થી તા.૦૬/૦૪/૨૦૧૬ ના રોજથી આપવામાં આવેલ છે.

ઉપરોકત પરવાનગીઓના આધારે સદરહુ જમીનમાં **"આર્યા ડેવલોપર્સ" એક ભાગીદારી પેઢી** એ રહેણાંક હેતુ માટે **"શિક્ષા પત્રી હાઈટસ"** નામની અલગ–અલગ ઈમારતોનું આયોજન કરેલ છે.

ત્યારબાદ સર્વે નં. ૪૨૯/૧, ૪૨૯/૨ કે જેનો બ્લોક નં. ૬૭૮ વાળી ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ : હે. ૧.૦૫.૨૨ આરે/ચો.મી. છે અને જેનો આકાર રૂા. ૧૪.૬૮ પૈસા છે કે જેને ટી.પી. સ્કીમ નં. ૬૬ (કોસાડ–વરીયાવ) લાગુ પડતા ફાયનલ પ્લોટ નં. ૧૩૯ ફાળવવામાં આવેલ છે કે જેનું કુલ ક્ષેત્રફળ : ૭૦૦૦–૦૦ ચો.મી. થયેલ છે તે જમીનમાં **"શિક્ષા પત્રી હાઈટસ"** નામ હેઠળ ઈમારતનું આયોજન કરવામા આવેલ છે જેના માલીક

**"આર્યા ડેવલોપર્સ" એક ભાગીદારી પેઢી** છે. સદરહુ જમીન મિલકતમાં કોઇ પ્રકારનો બોજો જણાતો નથી તેથી જેનુ ટાઈટલ સંપુર્ણ કલીયર છે તથા સદરહુ મિલકતના ટાઈટલ ચોખ્ખા, માર્કેટેબલ અને તારણને પાત્ર છે.

**<u>રજૂ કરેલ પેપર્સ ની યાદી</u>**

(૧).. ગામ નમૂનો નંબર ૭ અને ૧૨ તથા ૮/અ ની નકલ.
(૨).. ગામ નમૂનો નંબર ૬ (હકક પત્રક) ની તમામ નકલો.
(૩).. તા.૩૧/૦૭/૨૦૧૫ ના રોજ નોંધાયેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૮૬૧ની ઈન્ડેક્ષની નકલ.
(૬).. ઝોનીંગ સર્ટીફીકેટની નકલ.
(૭).. મંજુર થયેલ પ્લાન તથા વિકાસ પરવાનગીની નકલ.
(૮).. મે. કલેકટરશ્રી સુરત દ્વારા આપવામાં આવેલ બિનખેતીનાં હુકમની નકલ.
(૯).. ટી.પી.ના એફ–ફોમની નકલ.
(૧૦).. સર્ચ ફીની રસીદ.

સ્થળ : સુરત
તા.

............................
મહેશ જી. પટેલ
(એડવોકેટ)

અરજી પહોંચ

મિલ્કતનું વર્ણન બ્લોક 678

Search in : કોસાડ/KOSAD

પહોંચ નંબર: ૨૦૧૬૦૨૧૦૨૩૦૧૮ અરજી નંબર: ૧૨૭૫૬ અરજી વર્ષ: ૨૦૧૬

તા: ૩૦ માહે: એપ્રિલ સને: ૨૦૧૬

રજુ કરનારનું નામ વિનસ એમ.પટેલ

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. | પૈસા |
|---|---|---|
| રજીસ્ટ્રેશન ફી | | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીઓ | | ૦ |
| શેરોની નકલ કરવા માટે ફી | | |
| ટપાલ ખર્ચ | | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭) | | ૦ |
| શોધ અગર તપાસણી | | ૧૯૫ |
| દંડ કલમ-૨૫ | | |
| કલમ-૩૪ (કલમ-૧૩) | | |
| નકલ ફી ફોલીઓ | | ૦ |
| ઈન્ડેક્ષ-૨ ફી | | |
| આ સિવાયની બાબતોની ફી | | |

| કુલ એકંદરે રૂ. | ૧૯૫ |
|---|---|

અંકે રૂપીયા એકસો પંચાણું પુરા.

દસ્તાવેજ ............ ના દિવસે તૈયાર થશે અને ............ તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં / કચેરીમાં આપવામાં આવશે.
નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

( K. P. Prajapati )
સબ રજીસ્ટ્રાર
SRT/4/KTG

IGR-NIC -3260831807520724674 ૩૦/૪/૨૦૧૬ ૧:૪૩:૧૫ pm

અરજી પહોંચ

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર: | ૨૦૧૬૦૧૮૦૨૫૨૦૪ | અરજી નંબર: | ૧૫૯૬૭ | અરજી વર્ષ: | ૨૦૧૬ |

તા: ૩૦ માહે: એપ્રિલ સને: ૨૦૧૬

રજુ કરનારનું નામ **વિનસ પટેલ**

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો | ૦ |
| શેરોની નકલ કરવા માટે ફી | |
| ટપાલ ખર્ચ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ६४ થી ६७ ) | ૦ |
| શોધ અગર તપાસણી Year : ૧૯૮૫ ૧૯૯૯ | ૮૫ |
| દંડ કલમ-૨૫ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ) | |
| નકલ ફી ફોલીયો | ૦ |
| ઈન્ડેક્ષ-૨ ફી | |
| આ સિવાયની બાબતોની ફી | |

| | |
|---|---|
| કુલ એકંદરે રૂ. | ૮૫ |

અંકે રૂપીયાપંચયાંસી પુરા.

દસ્તાવેજ ............ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ............ આવશે.
નકલ કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

THE SEAL OF THE SUB REGISTRAR સબ રજીસ્ટ્રાર સુરત સીટી-૧ (અઠવા) નો સિક્કો SURAT CITY-1, (ATHWA)

30/4

( S C Patel )
સબ રજીસ્ટ્રાર
SRT/1/ATV

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in વિનસ એમ.પટેલ

અરજી નંબર : [illegible] ગામ નું નામ : KOSAD

મિલ્કતનું વર્ણન બ્લોક 678

દસ્તાવેજની આ શોધ એસ.આર.ઓ - Katargam મા -16 વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પત્રક પુરતોજ

પુરતોજ મર્યાદીત રહેશે આ શોધમા તા________ સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્સાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ ક્ષેત્રફળ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ / નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| રૂ. | | | ---------- NO DATA AVAILABLE ---------- | | | | |

તારીખ :

સબ-રજીસ્ટ્રાર
એસ.આર.ઓ - Katargam